ગાંધીનગર સમાચાર

પંચદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા રાહત દરે નિદાન કેમ્પનું આયોજન

@ગાંધીનગર

# બાવળાની ચકચારી લુંટના ત્રણ આરોપીઓ પકડાયા

## લુંટેલી આઈશરમાંથી ભાગે આવેલા દાગીના તથા રોકડ મળી રૂ. ૨.૬૮નો મુદ્દામાલ રીકવર : ત્રણ પૈકી બે આરોપીઓ ગાંધીનગરના

ગાંધીનગર, તા.૯

બાવળા પાસે આંગડીયા પેઢીની આઈશરની લુંટે ચકચાર મચાવી છે તેમાં મોટા ભાગના આરોપીઓ ગાંધીનગરના હોવાનું ધ્યાને આવ્યું છે. આજે આ લુંટ કર્યા બાદ બાગમાં આવેલો મુદ્દામાલ લઈને નેનો ગાડીમાં જતા ત્રણ સહ આરોપીઓને ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડયા છે. ભાગમાં આવેલા સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૨.૬૮ લાખનો મુદ્દામાલ રીકવર કરી એલસીબીએ બાવળા પોલીસને આરોપીઓ સોંપ્યા છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ





પરમારની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતી તે દરમિયાન દિલીપસિંહને બાતમી મળી હતી કે નેનો ગાડીમાં ફરતા ત્રણ શખ્સો પાસે શંકાસ્પદ મુદ્દામાલ છે તેને આધારે નેનો ટ્રેસ કરીને ત્રણ શખ્સોને પકડયા હતા. ભાભર વિસ્તારના યોગેશ મધુસુદન જોષી, સે-૪ આરટીઓ કચેરી સામેના કાચા છાપરામાં રહેતા રમુ ગાંડા ભરવાડ અને સે-૨૫ ગરીબ આવાસમાં રહેતા રાકેશ ઉર્ફે ભુરો વિરમ રબારી મળી ત્રણ શખ્સોને નેનો ગાડી સાથે પકડયા હતા. તેમની જડતી લેવામાં આવતા સોનાની કટીંગ પાંદડી, સોનાની રણીઓ, ચાંદીના ટુકડા સહિતનો રૂ. ૧,૧૨,૫૨૧ની કિંમતનો સોના ચાંદીનો સામાન તથા રૂ. ૫૪ હજાર રોકડા ઉપરાંત ત્રણ મોબાઈલ મળી કુલ રૂ. ૨,૬૮,૫૨નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ મુદ્દામાલ કયાંથી આવ્યો તે અંગે ઉંડાણપૂર્વક પુછપરછ કરાતા બાવળા આંગડીયા પેઢીની આઈશરનો પીછો કરી આઈશર રોકીને લુંટ થઈ હતી તે લુંટમાં ત્રણેય સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. બાવળા લુંટ બાદ સોના-ચાંદી અને રોકડનો આ મુદ્દામાલ તેમના ભાગમાં આવેલો હતો. એલસીબીએ મુદ્દામાલ રીકવર કરી લઈ બાવળા પોલીસને વધુ તપાસ માટે આરોપીઓ સોંપી દેવામાં આવ્યા છે.

- રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૦ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૨૭ કલાકનો રહેશે.
- ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન દ્વારા શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે રામજી મંદિર સેકટર-૩-ડી ખાતે વાર્ષિક સાધારણ સભા યોજાશે.
- સેકટર-૧૨, આંબેડકર હોલ ખાતે શુક્રવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે મ્યુઝિકલ નાઈટનો કાર્યક્રમ યોજાશે.

વાતવાતમાં

- તાજેતરમાં ધો-૧૦ના બોર્ડની પરીક્ષાઓના પરિણામોમાં સેકટર-૨૨ની આર્યભટ્ટ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનું પરિણામ સારું આવ્યું હતું. પરીક્ષામાં સારું પરિણામ લાવનાર ૧૨ વિદ્યાર્થીઓને શાળાના ગણિત વિજ્ઞાન વિષયના શિક્ષિકા નિષ્ઠાબેન મહેતા પોતાના સ્વખર્ચે કાંડા ઘડીયાળ ભેટમાં આપવાના છે.
- ગુડાની શુભ લાભ આવાસ યોજનાનું નામ બદલીને પંડિત દિનદયાળ આવાસ યોજના કરી દેવાયું હતું અને તે મુજબ જ સ્થળ પર નવા નામકરણના બોર્ડ લગાડાયા છે. જો કે આ આવાસ યોજનામાં કોઈ પણ ક્ષતિ કે ખામી અંગે ગુડામાં ફરિયાદ કરવાના ફોર્મ હજુ પણ શુભ-લાભ આવાસ યોજના નામે જ ભરાવાય છે.
- સે-૩માં દર ગુરવારે સાંઈબાબાના મંદિરે ભરાતા મીની મેળા જેવા માહોલમાં નાનકડુ શાક માર્કેટ પણ ખડું થઈ જાય છે. આ માર્કેટના કારણે ગુરુવારની ઘરાકી પર અસર પડતા સે-૭ન શાકમાર્કેટના વેપારીઓ દ્વારા સોમથી બુધ દરમિયાન ગ્રાહકોને લલચાવવા 'ગુરુવારે અંધારામાં છેતરાશો નહી, અત્યારે જ શાક લઈ લો' જેવી બૂમો પાડવામાં આવે છે.

## રવિવારે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનાર

ગાંધીનગર, તા.૯

હાલના સમયમાં ચારે કોર સ્પર્ધાત્મક પરીક્ષાઓનો માહોલ છવાયો છે. સરકારી નોકરી વાંચ્છુ યુવા ઉમેદવારો આગામી સમયમાં લેવાનાર વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. આ સમયે વિશ્વાસ એજયુકેશન પ્રા.લિ. દ્વારા તમામ સરકારી ભરતીની જગ્યા માટે ઉમેદવારી કરનારા યુવાનો માટે નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર તા. ૧૨મી જુન સવારે ૯ વાગ્યાથી ૧૧ સુધી અને બપોરે ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા સુધી સરગાસણ ચાર રસ્તા પાસેના અટ્રિયા કોર્નરના બ્લોક બી-૩૦૭ ખાતે યોજાશે.

આગામી સમયમાં વિવિધ સરકારી વિભાગોમાં મોટી સંખ્યામાં

**વિશ્વાસ એજયુકેશન દ્વારા આઈએએસ, આઈપીએસથી માંડીને વર્ગ-૩ સુધીની તમામ ભરતી પ્રક્રીયા અંગે સેમિનારનું આયોજન કરાયું**

ભરતી પ્રક્રિયા યોજાનાર છે. આ માટે કેટલીક સ્પર્ધાત્મક પરીક્ષાઓની તારીખો જાહેર થઈ ચુકી છે. જેમાં સિનિયર કલાર્ક, એકાઉન્ટન્ટ, જીપીએસસી વર્ગ-૧ અને ૨, ટેટ વગેરેનો સમાવેશ થાય છે. વિશ્વાસ એજયુકેશન પ્રા. લિ. દ્વારા તેમના સેમિનારમાં આ તમામ ભરતી પરીક્ષાઓ ઉપરાંત આઈએએસ, આઈએફએસ, આઈપીએસ જેવી મોભાપાત્ર પદવીઓથી માંડીને જીપીએસસી વર્ગ-૩ અને પીએસઆઈ સુધીની સ્પર્ધાત્મક પરીક્ષા માટે માર્ગદર્શન આપવામાં આવશે. આ સેમિનારનું આયોજન તદ્દન નિઃશુલ્કપણે કરાયું હોઈ શહેરના સરકારી નોકરી વાંચ્છુ ઉમેદવારો મોટી સંખ્યામાં લાભ લે તે માટે વિશ્વાસ એજયુકેશન દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જિલ્લા સેવા સદન ખાતે છાશ કેન્દ્રનો શુભારંભ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા સેવા સદન ખાતે પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને હીટ- વેવથી રક્ષણ આપવા અને તેમને ગરમીથી રાહત મળે તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છાશ કેન્દ્રનો આરંભ કરવામાં આવ્યો છે. જન સેવા કેન્દ્રના પ્રવેશદ્વાર પાસે આ કેન્દ્રનો આરંભ જિલ્લા કલેકટર શ્રી સતીશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો.






સમગ્ર દિવસ દરમ્યાન ગાંધીનગર જિલ્લા સેવા સદન ખાતે મોટી સંખ્યામાં ગાંધીનગરના નગરજનો સહિત જિલ્લાવાસીઓ પોતાના કામ અર્થે આવતાં હોય છે. હાલમાં ગરમીનો પારો ઉંચો જવાથી નાગરિકો બપોરના સમયે જનસેવા કેન્દ્ર અને કલેકટર કચેરીમાં આવતાં લોકોને ગરમીથી રાહત મળે તેવા ઉમદા આશયથી જિલ્લા કલેકટર શ્રી સતીશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ છાશ કેન્દ્રનો આરંભ કરવામાં આવ્યો છે.

છાશ કેન્દ્ર ખાતેથી બપોરના ૧૨ થી ૩ કલાક દરમ્યાન છાશ અને પાણીનું વિતરણ કરવામાં આવે છે. આ કેન્દ્ર પરથી રોજની ૧૦૦૦ લિટર જેટલી છાશનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે. કલેકટર કચેરીમાં આવતા નાગરિકોને છાશ કેન્દ્રનો લાભ લેવા કલેકટર શ્રી સતીશભાઈ પટેલે નમ્ર અપીલ કરી છે.

## પડતર પ્રશ્નોના મામલે સફાઈ કામદાર યુનિયન આંદોલન કરશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયન દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે ત્વરીત નિરાકરણ લાવવા ઉગ્ર માંગ કરવામાં આવી છે. શોષણ સહન કરતા સફાઈ કામદારો ગુલામીના પંથે હોવાનો આક્રોશ પણ યુનિયને વ્યકત કર્યો છે. યુનિયને કાળી પટ્ટી ધારણ કરી આ મામલે ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાની ચિમકી ઉચ્ચારી છે.

સફાઈ કામદાર યુનિયનના પ્રમુખ કાન્તાબેન ચાવડાએ આ રજૂઆતમાં જણાવ્યા અનુસાર મહાનગર પાલિકાના સફાઈ કામદારોના ઓળખકાર્ડ, રોજમદાર કર્મચારીઓને પગારસ્લીપ, પીએફની સ્લીપ આપવી જોઈએ. બાટોમેટીક મશીનથી પગાર આપવાનુ બંધ કરવું જોઈએ. શારીરિક અશકત હોય તેવા કર્મચારીઓને નોકરીમાં સમાવવા માટે પણ માંગણી કરવામાં આવી છે. વધુમાં સફાઈ કામદારોને આવાસ ફાળવવા પણ રજૂઆત કરવામાં આવી છે.

## માહિતી ખાતાના વર્ગ-૩ મંડળના હોદ્દેદારો

ગુજરાત રાજય માહિતી ખાતા કર્મચારી મંડળની મળેલી સામાન્ય



સભામાં દિનેશ ચૌહાણની ૨૦૧૬-૧૭ના વર્ષ માટે મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવતા સૌ હોદ્દેદારો વતી તેમને ખૂબ ખૂબ અભિનંદન.

## પંચદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા રાહત દરે નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૯

ડૉ. લાલ પેથ લેબ્સ લિમિટેડ અને આશીષ પેથોલોજી લેબોરેટરીના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧૨મી જુનને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન સેકટર-૨૨, પંચદેવ મંદિર ખાતે રાહત દરે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં થાઈરોઈડ, કોલેસ્ટ્રોલ, ત્રણ માસ સુધીના ગુલ્કોસ, વિટામીન તથા હાડકાની તપાસ રાહત દરે કરી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા માંગતા ઈચ્છુકોએ મો. નં. ૯૬૩૮૪૯૮૬૯૬ ઉપર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

આ ઉપરાંત પંચદેવ મંદિર ટ્રસ્ટ તથા હોલીસ્ટીક હોમિયોપેથીક કલિનીક ડૉ. હેતલ મહેતાના સંયુકત ઉપક્રમે વિના મુલ્યે હોમિયોપેથીક સારવાર કેમ્પ પણ યોજવામાં આવશે.હોમિયોપેથીક દવાઓ લેવા માટે રસ ધરાવતા દર્દીઓએ આ સેવા કેમ્પમાં લાભ લેવા પંચોલીકાકા અને ડૉ. હેતલ મહેતાનો સંપર્ક સાધવાનો રહેશે.

## સે-૩ માં બે કલાક લાઈટ બંધ રહેતા નાગરીકો હેરાન

### ટોરેન્ટ દ્વારા ડી.પી.ની જાળવણીનું કામ હાથ ધરાતા વિજ કનેકશન બંધ કરાયા હતા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૩માં બે કલાક માટે લાઈટ બંધ રહેવા પામી હતી. ઉનાળાની ગરમીમાં લાઈટ બંધ રહેતા સેકટરના રહીશો હેરાન પરેશાન થઈ ગયા હતા. ટોરેન્ટ દ્વારા સેકટરની ડીપીનું જાળવણીનું કામ હાથ ધરાયું હોવાથી બે કલાક માટે વિજ લાઈન બંધ કરાઈ હતી. લાઈટ બંધ થતા જ રહીશો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા અને છાંયડો શોધતા નજરે પડ્યા હતા.પરંતુ ડીપીની જાળવણી બાદ ટોરેન્ટ તંત્ર દ્વારા વિજ પુરવઠો પુનઃ કાર્યરત કરી દેવાતા નગરજનોએ હાશકારો અનુભવ્યો હતો.

ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમીમાં નગરજનો શેકાઈ રહ્યા છે. ગરમીને પગલે નાગરીકો હેરાન પરેશાન થઈ ઉઠયા છે.ત્યારે ગરમીમાં રાહત મેળવવા વસાહતીઓ નીત-નવા નુસખા અપનાવી ઠંડક મેળવવાના પ્રયાસો કરી રહ્યા છે. નગરજનો ઘરમાં સતત પંખા, કુલર અને એસી સહિતના આધુનિક ઉપકરણો ચાલુ રાખી ગરમીમાં ઠંડા ઠંડા કુલ કુલ થઈ રહ્યા છે. ગરમીને પગલે બપોર થતાં જ નગરના માર્ગો સુમસામ બની જાય છે. ત્યારે શહેરમાં વિજપુરવઠાનો વપરાશ પણ વધવા લાગ્યો છે જેને પગલે ડી.પી.માં ટેકનીકલ ફોલ્ટને લીધે લાઈટ ડુલ થવાના બનાવ વધવા પામ્યા છે. ત્યારે ટોરેન્ટ તંત્ર દ્વારા શહેરમાં ડી.પી.નું જાળવણીનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જેને પરિણામે ડી.પીમાં ટેકનીકલ ખામી ન સર્જાય અને નાગરીકોને લાઈટથી વંચિત રહેવું ના પડે તે માટે કામગીરી થઈ રહી છે. ત્યારે આજે સેકટર-૩ ખાતે આવેલ ડી.પી.નું જાળવણીનું કામ સવારે અંદાજે અગીયાર વાગ્યાના અરસામાં હાથ ધરાયું હતું. જેને પગલે વિજપુરવઠો બંધ કરવામાં આવતા નાગરીકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. શહેરમાં સવારના સમયથી જ અંગ દઝાડતી ગરમી પડી રહી છે. વસાહતીઓના ઘરમાં અચાનક પંખા, કુલર, એસી. ફ્રીઝ સહિતના આધુનિક ઉપકરણો બંધ થઈ જતા નાગરીકો હેરાન થઈ ગયા હતા. ઘરની બહાર દોડી આવીને છાંયડાની શોધમાં લાગ્યા હતા. બે કલાક બાદ ટોરેન્ટ દ્વારા વિજ પુરવઠો શરૂ કરી દેવાતા નાગરીકો એ રાહતનો દમ લીધો હતો. જો કે લાઈટ બંધ થવાને પગલે સિનિયર સિટીઝન અને બિમાર વ્યકિતઓની હાલત કફોડી બનવા પામી હતી.

## સિવિલ હોસ્પિટલમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાતી નથી..!

### હાઉસ કીપીંગ અને સિકયુરીટી એજન્સીની બે માસની મુદત વધારાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી હાઉસકીંપીગ અને સિકયુરીટીની વ્યવસ્થા નિયત કરવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી હાલ જે એજન્સી જવાબદારી સંભાળે છે તેની મુદત મે માસમાં પૂર્ણ થઈ ગઈ હોવા છતા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ નથી અને માત્ર મુદતમાં વધારો કરવામાં આવે છે. ખાનગી એજન્સીઓને મુદતમાં વધારો કરીને કોઈ એક એજન્સીને ફાયદો કરાવવાની નિતી અપનાવાઈ રહી હોવાનો સુર પણ સિવિલ સ્ટાફમાં ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સાફ સફાઈની કામગીરી સંભાળતા વર્ગ-૪ ના કર્મચારીઓનો કોન્ટ્રાકટ તેમજ હોસ્પિટલની સલામતીની જવાબદારી સંભાળતા કર્મચારીઓ પણ ખાનગી એજન્સીના છે. આ એજન્સીઓની કોન્ટ્રાકટની મુદત મે માસમાં પૂર્ણ થઈ ગઈ છે. સિવિલ તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા માટે કવાયત તેજ કરાઈ હતી. જુન મહિનામાં નવી એજન્સીઓ હોસ્પિટલમાં વ્યવસ્થા સંભાળશે તેમજ ટેન્ડરની વાત વિસરાઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે અને કાર્યરત જે તે એજન્સીની મુદતમાં વધારો કરાયો છે પરંતુ હજુ સુધી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ નથી. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ છેલ્લા ઘણા સમયથી ખાનગી એજન્સીઓને ફાયદો કરાવાની નિતી અપનાવાઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. પરંતુ એજન્સીની મુદતમાં વધારો થતા અત્યારે હાલ તો કર્મચારીઓ ફરજ બજાવી વ્યવસ્થા સંભાળી રહ્યા છે. જયારે બે માસની મુદત પૂર્ણ થતા પહેલા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાય છે કે પાછી એજન્સીઓની મુદતમાં તંત્ર દ્વારા વધારો કરાય છે તે જોવું રહ્યું...?

## ઝુંપડાના દબાણ દૂર કરવા પ્રબળ માંગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરને સ્માર્ટ સીટી બનાવવાની એક બાજુ તૈયારી થઈ રહી છે તો બીજી બાજુ શહેરમાં લારી ગલ્લા અને ઝુંપડપટ્ટીના દબાણ દિન પ્રતિદીન વધી રહ્યા છે. આવા દબાણો તાત્કાલિક અસરથી દૂર કરવામાં નહિ આવે તો મહાનગરને કયારેય સ્માર્ટ સીટી બનાવી શકાશે નહિ. આ દબાણ અંગે તાત્કાલિક પગલા લેવા માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કાઉન્સિલર હર્ષા બા ધાધલના જણાવ્યા મુજબ પેથાપુરથી ચરેડી જતા જીઈબી જવાના માર્ગ પર તેમજ ત્યાંથી માત્ર ૧૦૦ ફૂટ આગળ જતા જંગલમાં રાતોરાત ૧૦ દિવસમાં જ અસંખ્ય ઝૂંપડા ઉભા થઈ ગયા છે અને હજી પણ જયાં જગ્યા જણાય ત્યાં ઝૂંપડા ઉભા કરવામાં આવી રહ્યા છે. આવા દબાણો તાત્કાલિક અસરથી દૂર કરવામાં નહી આવે તો મહાનગરને કયારેય સ્માર્ટ સીટી બનાવી શકાશે નહી તેથી નગરમાં પણ અન્ય રાજયો જેવી ભયાનક સ્થિતિ ભવિષ્યમાં નિર્માણ ન થાય તે માટે તાત્કાલિક આ દબાણોને અટકાવવા યોગ્ય પગલા લેવા માંગ કરવામાં આવી છે.

## ચિલોડા પ્રાથમિક શાળામાં ધો-૧ માં ૫૩ બાળકોનું નામાંકન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની અનેક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના દ્વિતીય દિનની પણ ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. આજે ચિલોડા પ્રાથમિક શાળા અને ચિલોડા- શિહોલી ગ્રૃપ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરની ઉપસ્થિતમાં ધોરણ-૧, ધોરણ-૯ અને આંગણવાડીઓના ભુલકાઓની પ્રવેશવિધી સંપન્ન થઈ હતી.

ચિલોડા પ્રાથમિક શાળામાં પ્રવેશવિધી સંપન્ન કરાઈ ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, હાલના દેશના વડાપ્રધાન અને તત્કાલીન ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયની કન્યાઓ સહિત બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તેવા ઉમદા આશયથી સમગ્ર રાજયમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના અનેરા કાર્યક્રમનો આરંભ કર્યો હતો. આવવાથી સમાજને શું ફાયદો થશે, તેની દ્દષ્ટાંત પુર્વક વાત કરી હતી. તેઓશ્રીએ સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે અને મહાનુભાવોના હસ્તે લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવાઈ હતી. ચિલોડા પ્રાથમિક શાળામાં હસ્તે બંન્ને શાળાના વિવિધ ધોરણના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મંડળીના ચેરમેન શ્રી જૈમિન પટેલ, ગાંધીનગરના સામાજિક કાર્યકર શ્રી સીતારામભાઈ પટેલ, ચિલોડાના





જેની ફલશ્રૃતિ રૂપે આજે ડ્રોપ આઉટ રેસીયો ઘટ્યો છે. તેમજ સમાજમાં કન્યા કેળવણી અંગેની જાગૃતિ આવી છે. સમાજમાં કન્યાઓ શિક્ષિત થવાથી અને સ્વચ્છતા અંગેની જાગૃત્તિ અમલી બનાવેલ વિવિધ યોજનાઓની વિસ્તૃત વાત કરી હતી.

ચિલોડા પ્રાથમિક શાળાના બાળકો માટે ટ્રાન્સપોર્ટ સુવિધા માટેના વાહનને પણ ધારાસભ્યશ્રી દાતાશ્રીઓ દ્વારા વોટર કુલર, નોટબુક, પ્રિન્ટર કમ ઝેરોક્ષ મશીન, પેન્સીલ- ચોકિયા જેવી ચીજવસ્તુઓ મળી કુલ- ૪૦,૫૦૦/-નું દાન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના

આ બન્ને કાર્યક્રમમાં ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાળુજી ઠાકોર, ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન શ્રી શામળજીભાઈ પટેલ, ચિલોડા સેવા - સહકારી અગ્રણી અને એસ.એમ.સી શિક્ષણવેદ શ્રી નટુભાઈ પટેલ, એસ.એમ.સીના અધ્યક્ષ શ્રી તખુજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## વૈષ્ણવ હવેલી-૨૧માં રવિવારે આમ્રકુંજનો મનોરથ યોજાશે

ગાંધીનગર, તા.૯

સેકટર-૨૧ હવેલી મંદિરમાં તા. ૧૨મી જુનના રવિવારના રોજ શયનમાં સાડા છ કલાકે આમ્રકુંજનો મનોરથ રાખેલ છે તો વૈષ્ણવોએ દર્શનનો લ્હાવો લેવા માનદ મંત્રીશ્રી રસિકભાઈ ગાંધીએ જણાવેલ છે.

## સે-૮માં રહેતી પરિણીતા ચાર દિવસથી લાપતા

ગાંધીનગર, તા.૯

શહેરના સેકટર-૮, ચ-૧ ટાઈપ બ્લોક નં. ૭૨૧/૧ ખાતે રહેતી ૨૩ વર્ષીય પરિણીતા પીન્કી હાર્દિકભાઈ ઠાકોર ૫ જુને રાત્રીના સમયે પોતાના ઘરેથી કોઈને કંઈ કહ્યા વિના ઘરેથી કયાંક ચાલી ગઈ હતી. આજ દિન સુધી પરિવારજનો દ્વારા થયેલી શોધખોળ બાદ પણ તેણીનો પત્તો લાગ્યો નથી. પરિણીતાના પતિએ સે-૭ પોલીસ મથકમાં તેની પત્નિ ગુમ થયા અંગે જાણવા જોગ નોંધાવતા સેકટર-૭ પોલીસે જાણવા જોગ લઈ એએસઆઈ જસવંતસિંહે વધુ તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. ગીતાબેન ચંદ્રસિંહ ઠાકોર, ઉ.વ. ૫૩
- સ્વ. પટેલ નટવરલાલ કચરદાસ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર ચંદુજી સોમાજી, ઉ.વ. ૪૫
- સ્વ. કિશનભાઈ રમેશભાઈ સોલંકી, ઉ.વ. ૨૪